શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૫

અંક : ૧૧

**હકારાત્મક બાબતો ઉજાગર કરવાની આવશ્યકતા.**

આપણે આપણા દેશનાં સામર્થ્ય અને એની સિધ્ધિઓને કબુલતાં આટલા બધા ખચકાઈએ છીએ કેમ ? આપણે તો એક મહાન રાષ્ટ્ર છીએ. આશ્ચર્યચકિત કરી દે તેવી આપણી સફળતાઓ છે, છતાં આપણે એને સ્વીકારવા તૈયાર નથી. દુધ ઉત્પાદનમાં આપણે દુનિયામાં સૌથી મોખરે છીએ. રિમોટ સેન્સિંગ સેટેલાઈટ – છેટેથી વસ્તુને પારખવા માટેના ઉપગ્રહો પામવામાં આપણે સૌપ્રથમ છીએ. ધાનની ખેતીમાં આપણે બીજે નંબરે છીએ. આવી તો લાખો સિધ્ધિઓ છે, પણ આપણા સંચાર માધ્યમોને તો કેવળ અશુભ સમાચારો અને નિષ્ફળતા જ દેખાય છે.

હુ એકવાર તેલઅવીવ(ઈઝરાયલ)માં હતો. એક ઈઝરાયલી છાપુ વાંચતો બેઠો હતો. એના આગલા દિવસે કેટલાયે હુમલાઓ, બોમ્બ ફેકવાના બનાવો અને મૃત્યુ થયા હતા. પણ છાપાના પહેલા પાના પર એક યહુદી સજ્જનનો ફોટો હતો. એણે પોતાની રણ જેવી ઉજ્જડ જમીનને ફળના બગીચામાં અને અન્નભંડારમાં પલટાવી નાખી હતી. એ એક પ્રેરક છબી જોઈને સહુમાં હામ આવતી હતી. હત્યા, બોમ્બ ફેકવાના બનાવો અને મૃત્યુ વગેરેના સમાચારો અંદરના પાને બીજા સમાચારોની વચ્ચે એક બાજુ દબાયેલા છપાયા હતા. પણ, અહીં ભારતમાં આપણને પહેલે પાને મોત, માંદગી, આતંકવાદ અને ગુનાઓની વાત જ વાંચવા મળે છે.

**– ડો. એ.પી. જે. અબ્દુલ કલામ**

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

*જેમ તેલ વિના દિવો બળતો નથી તેમ ઈશ્વર વિના માનવ જીવી શકતો નથી.*

**Why are Goals Important?**

On the best sunny day, the most powerful magnifying glass will not light paper if you keep moving the glass. But if you focus and hold it, the paper will light up. That is the power of concentration.

A man was traveling and stopped at an intersection. He asked an elderly man, "Where does this road take me?" The elderly person asked, "Where do you want to go?" The man replied, "I don't know." The elderly person said, "Then take any road. What difference does it make?"

How true. When we don't know where we are going, any road will take us there.

Suppose you have all the football eleven players, enthusiastically ready to play the game, all charged up, and then someone took the goal post away. What would happen to the game? There is nothing left. How do you keep score? How do you know you have arrived?

Enthusiasm without direction is like wildfire and leads to frustration. Goals give a sense of direction. Would you sit in a train or a plane without knowing where it was going? The obvious answer is no. Then why do people go through life without having any goals?

**Six keys to success**

1. Attitude

Bloom where you are planted. You have a choice to get back up after temporary set backs. Attitude is a small thing that makes a big difference!

2. Direction

If you don't know where you are going, any road will get you there. Write your short term goals down on paper. I have discovered and continue to discover that putting your dreams and goals down on paper lock in or focus your belief that they can be achieved--even if you have to take a course correction in achieving your goals. Success comes in cans, failure comes in can'ts.

3. Values

Explore what is important to you. Maybe it is family, friends, your spirituality or working hard at any given task. I can assure you that your priorities will change as you grow older. Very important that you value yourself and treat yourself like the valuable gift from God that you are.

પડકારોને અવરોધો નહીં, અવરોધોને પડકારો!

4. Interests

Birds of a feather flock together. This is to say that if you are hanging around winners or others with a "can do" mind-set, you'll likely adapt to this same kind of thinking. Remember--"SUCCESS LEAVES CLUES!

5. Commitment

Feelings may change, commitments do not. "Success is getting up one more time than you fall." I have often wanted to give up, and then I must think to myself about what the consequences of giving up will be. Generally, this is more than enough of a motivation to make us stick to the task at hand even if we don't feel like it. When the task is achieved, Whow!--IT FEELS GREAT!

6. Encouragement

Be an encourager and comforter to friends that are feeling discouraged. I promise that you will not regret this as you will be encouraged by one, if not many, when you are feeling down. Encouragement and love are contagious qualities that can change the minds of the most stubborn and "hard-to-get-along-with" people you know. I have seen it happen over and over again.

**જાણવા જેવું :**

- ❖ હિપોપોટેમસ તેના મોઢાને ચાર ફુટની લંબાઈ સુધી ખોલી શકે છે.
- ❖ વિશ્વમાં સૌથી વધારે રબરનું ઉત્પાદન મલેશિયામાં થાય છે.
- ❖ દુરબીનની શોધ ઈ.સ. ૧૬૦૮ માં થઈ હતી.
- ❖ એક રકતકણનું આયુષ્ય ૧૨૦ દિવસનું હોય છે.
- ❖ કોઈ પણ વૃક્ષ કરતા ઓકનું વૃક્ષ વીજળીને કારણે સૌથી ઝડપથી નાશ પામે છે.
- ❖ તુલિપ એ સૌથી ઝડપથી વિકસતુ ફુલ છે. તેની કાપણી કર્યા પછી તે દિવસમાં એક ઈંચ વધે છે.
- ❖ આપણા સૌરમંડળમાં શુક્ર એક માત્ર ગ્રહ છે જે ઘડિયાળના કાંટાની જેમ ફર્યા કરે છે.
- ❖ ચંદ્ર પર અવકાશ યાત્રીઓના પગલા ૧૦ મિલિયન વર્ષ સુધી ટકી રહે છે.
- ❖ મનુષ્ય પાણી પીધા વિના ૧૧ દિવસ જીવી શકે છે.
- ❖ જયારે તમે મેઘધનુષ્ય નિહાળી હોય ત્યારે સુર્ય તમારી પાછળની બાજુએ હોય છે.
- ❖ હરણની પ્રજાતિમાં સૌથી મોટી પ્રજાતિ તરીકે ઓળખાતું આઈરિશ ડિયર ૭,૭૦૦ વર્ષ અગાઉ લુપ્તપ્રાય થઈ ગયું.
- ❖ પફીન નામના પક્ષીની ચાંચમાં અંદરની તરફ વળેલા દાંત હોય છે. દાંતવાળુ આ એક માત્ર પક્ષી છે.

***ઉત્સાહ જ સફળતાને આમંત્રણ આપે છે.***

## વીલેજ મીટીંગ

સંકલિત પેયજળ અને સ્વચ્છતા યોજના અંતર્ગત તારીખ ૨૩ ના રોજ સુલતાનપુર ગામે રાત્રી સભાનું આયોજન ગામના સરપંચશ્રી જીણાભાઈ ગોવીદભાઈ સોલંકીએ કર્યુ હતુ. જેમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની આ કાર્ય માટેની ટીમ તથા સંસ્થાના અન્ય કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.

સંસ્થાની કામગીરીનો પરિચય તથા યોજનાના ઉદ્દેશ બાબતે ગામલોકો સાથે ચર્ચા કરવામાં આવી હતી. શુધ્ધ પીવાના પાણીના લોકોના અધિકાર અને છેલ્લી ગ્રામ સભામાં પીવાના પાણીની સુવિધા માટેના જરુરી ઘટકો નકકી થયા હતા તેનાથી આગામી ૩૦ વર્ષ સુધી વ્યવસ્થા જળવાઈ રહે તેવું આયોજન લોકો સાથે બેસી કરવામાં આવ્યુ હતુ. તેમજ લોકફાળા બાબતે પણ ચર્ચા થઈ જેમાં ગામ લોકોએ હાલમાં પોતે પાણી માટે જે વ્યવસ્થા કરે છે તેના માસિક ખર્ચ કરતા પણ લોકો આજે વાત થઈ તે મુજબની રકમ લોકફાળા તરીકે ભરવાની હોય અને કાયમી સુવિધા ઉભી થતી હોય તો લોકફાળો અમે દરેક ગ્રામજનો ભરવા તૈયાર છીએ તેમ લોકોએ જણાવ્યુ હતુ.

માસ દરમ્યાન સુલતાનપુર ગામે સ્કુલ પ્રોગ્રામ તથા ગ્રામ સફાઈ કરવામાં આવી હતી. તેમજ સામતેર, નાળીયેરીમોલી, યાજપુર ગામે સ્કુલ પ્રોગ્રામ યોજયા હતા.



**જેના વડે મનુષ્ય જીવે છે તે સંસ્કૃતિ નથી, પણ જેને માટે મનુષ્ય જીવે છે તેનું નામ સંસ્કૃતિ!**

સંસ્થાની ટીમ ઉના તાલુકાના ૧૫ ગામોમાં સીએડીપી ફેઝ –૨ની શુધ્ધ પીવાના પાણી તથા સેનીટેશન સૂવિધા માટે ગામ લોકો સાથે છેલ્લા ત્રણ માસથી સતત સંવાદ કરી રહી છે. તેના ભાગરુપે તા. ૨૪ ના રોજ પાતાપુર ગામે પ્રાથમિક શાળા ખાતે ગામલોકો સાથે મીટીંગ સરપંચશ્રી હરસુખભાઈ વીરજીભાઈ વઘાસીયાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં હાલની પાણીની પરિસ્થિતિ તથા પાણીના હયાત સ્ત્રોતો વિશેની ચર્ચા કરતા જાણવા મળ્યુ કે ગામમાં હાલમા કોઈ પણ પાણીના જાહેર સ્ત્રોતો ઉપલબ્ધ નથી. બધા પરિવારો પીવાના પાણી વ્યવસ્થા પોતાના ખાનગી સ્ત્રોત મારફત કરી રહયા છે જે પુરતા નથી. આ યોજનાથી જો પીવાના પાણીની ગામલોકોને સૂવિધા પ્રાપ્ત થાય તે માટે આ કાર્યક્રમમાં જોડાવા ગામના ઉપસ્થિત દરેક લોકોએ ઉત્સાહથી પોતાની ભાગીદારી દર્શાવી હતી અને દરેક પરિવારને પાણી તેમના ઘર સુધી પહોચાડવા ટયુબવેલ કે કુવાની વ્યવસ્થા કરી સંપ કે ટાંકી બનાવી અને પાઈપલાઈન દ્વારા શુધ્ધ પીવાનુ પાણી દરેકને પોતાની જરુરિયાત મુજબ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી શકીએ તો આ કાર્યક્રમથી લોકોનો આ પ્રશ્ન ચોકકસ હલ થઈ શકે. સરપંચશ્રી તથા ગામ લોકોએ આ માટે બને તેટલી ઝડપથી ગ્રામ સભા યોજવા નકકી કર્યુ. ગામમાં કુવો કે દાર માટે પોઈંટ મેળવવા કાર્યવાહી હાથ ધરી હતી.



**જીવનમાં સુખ અને લોહીનાં સગપણ કરતાં વેદનાનુ સગપણ વધુ ટકે છે.**

**હાસ્યમેવ જયતે!**

ચંદુ ઓફિસે જવા નીકળયો. એની મમ્મીએ કહયું: બેટા, ચા પીવી છે?

ના મમ્મી! ચા પીને ઓફિસે જવાનુ મને ગમતુ નથી.

કેમ બેટા?

કારણ કે ચા પીધા પછી મને ઉંઘ નથી આવતી....!!

ડોકટર (દર્દીને) : તમને જાણીને દુખ થશે, પરંતુ તમારે મારી દવા લાંબો વખત કરવી પડશે.

દર્દી: તમને પણ જાણીને દુખ થશે કે તમારી ફી માટે લાંબો વખત રાહ જોવી પડશે.

પતિ (પત્નિને): જો મને લોટરી લાગે તો તું શું કરે?

પત્નિ: હુ અડધુ ઈનામ લઈને હંમેશ માટે જતી રહુ. પતિ: બહુ સરસ! મને 50 રુપિયાની લોટરી લાગી છે. આલે 25 રુપિયા અને ચાલતી પકડ!!

કાકા: ડોકટર સાહેબ, મને વહેમ રહયા કરે છે કે કોઈ મારો પીછો કરે છે.

ડોકટર: એ વહેમ નથી, તમારુ આગલુ બિલ બાકી છે એટલે મારો કમ્પાઉન્ડર તમારો પીછો કરે છે.

***વરસાદને આપણુ પવાલું ભરવામાં જ રસ નથી હોતો. એના ઓરતા તો મલક આખાને તરબોળ કરવાના હોય છે.***

મૌન

મૌનને મુનીઓ માણી શકે જાણી શકે
મૌન સ્વમાંજ તૃપ્ત છે.
મૌન ગહન છે.
મૌનની ભાષા સરળ છે.
મૌન હૃદયની પવિત્રતા પ્રકટ કરે છે.
મૌનને મૌનથી માણવુ જૂજને પ્રાપ્ત છે.
મૌન દ્વારા અંતરમાં ડુબકી સંભવે છે.
મૌન માણો, જાણો, પિછાણો.
મૌન કહો તો એક શબ્દ છે.
મૌન કહો તો એક શબ્દ છે: આમ જુઓ તો વાણી.
આભથી જુઓ બરફ પડેને પળમાં વહેતું પાણી.
જળની કુંડળી પરપોટામાં શાને જાય સમાઈ ?
પથ્થરમાંથી ઝરણુ કયાંથી પ્રકટે એ જ નવાઈ ?
નદી, સરોવર, સમંદર જળની જુજવી હોય કહાણી.
મૌન કહો તો એક શબ્દ છે: આમ જુઓ તો વાણી.
રેતી પર એક નામ લખું રે પવન ભુંસતો જાય
જળમાં તારુ નામ લખું તો તરંગમાં લહેરાય.
રહસ્ય પછી આ જીંદગી જોને બેઠી ઘુંઘટ તાણી.
મૌન કહો તો એક શબ્દ છે: આમ જુઓ તો વાણી.

**– નિલેશ રાણા**

***સફળતા એટલે, એક નિષ્ફળતાથી બીજી નિષ્ફળતા તરફ ઉત્સાહ ગુમાવ્યા વગર વધવું.***

## દિકરીનો ભાર

નાનકડા એક ગામમાં એક બાપ માં અને નાનકડી દીકરીનું અંત્યંત ગરીબ કુટુંબમાં માંડ એક ટંકનું ભોજન મેળવી ગુજરાન કરતું હતું. સવારે ખાધું હોય તો સાંજે ખાવા મળશે કે કેમ તે પ્રશ્ને પોતાના લલાટમાં ચોટેલું રાખી દિવસો પસાર થતા હતા. એક દિવસ વાત છે. છોકરીની માતા ખૂબ કંટાળીને તેના પતિને કહેવા લાગી કે આપણું માંડ માંડ પૂરું થાય છે. તેમાં આ છોકરીની જાત સાપનો ભારો છે. એતો દિવસ – રાત જોયા વગર વધતી જાય છે. ગરીબીની હાલતમાં આપણે તેના લગ્ન કેવી રીતે કરી શકીશું ?? બાપ પણ વિચારમાં પડયા. બંને એ હૃદય પર પથ્થર મૂકી એક કારમો નિર્ણય લીધો કે આવતીકાલે દીકરીને મારીને દાટી દઈએ.

બીજા દિવસનો સુરજ ગંભીરતાપૂર્વક ન નીકળવાની ઈચ્છા સાથે માંડ માંડ ઉગ્યો. માતાએ તેની દીકરીને સરસ નવડાવી માથામાં તેલ નાંખી આપ્યું. વારંવાર તેની આલિંગન આપી ચુમતી. આ જોઈ દીકરીએ સહસા પૂછયું મા મને કયાંક દૂર મોકલે છે કે શું??.

નહીતર આટલો પ્રેમ તેમને આજ સુધી કર્યો નથી. માતા ચુપ થઈ માત્ર રડવા લાગી. તેવામાં તેના પિતા એક હાથમાં કોદાળી અને એક હાથમાં ધાર્યું લઈ આવ્યા. માતાએ કઠણ કાળજે દીકરીને તેના પિતા પાસે મોકલી. રસ્તામાં ચાલતા ચાલતા તેના પિતાના પગમાં કાંટો વાગ્યો. દીકરીએ તરત ચાનીમાની કાંટો કાઢી આપ્યો. બાપની આંખ ભીની થઈ ગઈ. એક સુમસામ જગ્યાએ પિતાએ કોદાળી વડે ખાડો ખોદવાનું શરૂ કર્યુ. દીકરી સામે બેસી હતી. થોડીવારમાં પિતાને પરસેવો થતા દીકરીએ પોતાની ફાટેલી ઓઢણીથી તેનો પરસેવો લુછી આપ્યો. બાપે ધકકો મારીને દૂર બેસવા કહ્યું. ધોમધખતા તાપને લીધે તેના બાપનો પરસેવો લૂછતાં બોલી. પિતાજી તમે આરામ કરો હું તમને ખાડો ખોદવામાં મદદ કરૂ. મારાથી તમારું દુઃખ જોવાતું નથી.

આ સાંભળી તેના પિતાએ તેને બાથમાં લઈ લીધી તેમની આંખમાં શ્રાવણ – ભાદરવો વહેવા માંડયો. તેનું હૃદય પરિવર્તન થયું તે બોલ્યો : દીકરા, મને માફ કરી દે, આ ખાડો તો હું તારા માટે ખોદતો હતો. અને તું મારી ચિંતા કરે છે ??. હવે જે થવું હોય તે થાય. આપણે હંમેશા સાથે રહેશું. થોડી મહેનત વધારે કરીશ અને મારી દિકરીના લગ્ન ધામધૂમથી કરાવીશ. ત્યારબાદમાં બાપ અને દિકરી શાંતિથી પોતાનું ગુજરાન વિતાવવા લાગ્યા. અને સમય આવ્યે દિકરીના ધામધૂમથી લગ્ન પણ થઈ ગયા.

**સંકલન : સાજીત રાઠોડ**

**દરેક મુશ્કેલીમાં એક તક રહેલી હોય છે.**

**Engage on this month**

| | |
|---|---|
| 1 | DWSU visit by CADP Team at Junagadh |
| 4 | Visit of Anjar and Kothari village |
| 11-13 | Programme on FPO at Nasik, |
| 12-13 | End line study visit- Amreli and Khambha |
| 16 | Child health foundation Meetting - Ahmedabad |
| 22 | CSO counsultation meeting sajjatasangh - Ahmedabad |
| 23-24 | Staff training meeting Una & Field visit sultanpur, Patapur. |
| 26 | Tra.review meeting of VHSC-A'bad |
| 27 | Seminar on Juvanile justice act |
| 30 | Nyayika Sammelan and meeting-Amreli |

**Happy Birthday**

| | |
|---|---|
| Arvindkumar R. Javiya | 01-12-1973 |
| Rajesh D. Rathod | 01-12-1992 |
| Ashvinkumar A.Dodiya | 05-12-1984 |
| Birla K. Kondhiya | 24-12-1974 |
| Harshad C Chhorvadiya | 04-12-1975 |
| Hetal S Goauswami | 08-12-1979 |
| Jotsna P. Solanki | 08-12-1976 |
| Navin V Kanani | 10-12-1979 |
| Nita P.Nimavat | 14-12-1978 |
| Poojaben R.Raichura | 06-12-1985 |
| Pratap P.Chavda | 10-12-1978 |
| Paresh H. Parmar | 20-12-1981 |
| Pragna H Manuwal | 21-12-1977 |
| Ranjan P. Radadiya | 10-12-1982 |
| Tahmina A. Afrikavala | 06-12-1981 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**નકાર વ્યકિતને બધેથી તોડે છે જયારે હકાર હરકોઈ જગ્યાએથી જોડવાનુ જ કામ કરી શકે.**